**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૩/૨/૨૦૧૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૨૩૩/૧૫**

**અમદાવાદ શહેરમાં જુદાજુદા વિસ્તારમાં ઘરફોડ ચોરી કરતી ટોળકીના એક સભ્યને ચોરીના મુદ્દામાલ સાથે પકડી લઈ બે ઘરફોડ ચોરીઓના ગુન્હાઓનો ભેદ ઉકેલતી ક્રાઈમ બ્રાન્ચ.**

અમદાવાદ શહેર તથા અન્ય વિસ્તારોમાં બની રહેલ ઘરફોડ ચોરી તથા લુંટ સહીતના મિલકત સબંધી ગુના બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અન્વયે સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ક્રાઈમબ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તા.૨/૨/૨૦૧૫ ના રોજ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ તથા પો.સ.ઈ.શ્રી જે.એન.ગોસ્વામી નાઓ તેઓની ટીમના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં આવા ગુનાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ઘીકાંટા જનરલ પોસ્ટ ઓફીસ સામે આવતાં સાથેના પો.કો દિપકકુમાર ભરતભાઈ નાઓની બાતમી આધારે આરોપી **જીતેન્દ્ર ઉર્ફે જીવો મોતીભાઈ મેણા ઉ.વ. ૧૯ રહે. ભારતગેસવાળાની બાજુના છાપરામાં અજંટા-ઈલોરા પાસે, ઔડા ગાર્ડન પાસે સોલા અમદાવાદ શહેર** નાને તેના કબ્જાના સેમસંગ સ્માર્ટ ફોન નંગ-૨ કિ.રૂ. ૨૨૦૦૦/- તથા રોકડ રકમ રૂ.૬૦,૦૦૦/- મળી કુલ્લે રૂ.૮૨૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી લઈ સદરી વિરુધ્ધ સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ કાયદેસર કાર્યવાહી કરી કબજે કરવામાં આવેલ છે.

સદર પકડાયેલ જીતેન્દ્ર ઉર્ફે જીવો મોતીભાઈ મેણાની પુછપરછ કરતાં પોતે તથા પોતાના બે સાગરીતોએ મળી દશેક દિવસ પહેલા રાત્રીના સમયે એલીસબ્રીજ જનપથ કોમ્પલેક્ષની એક દુકાનની સીલીંગ તોડી અંદર પ્રવેશ કરી કેટલાક મોબાઈલ ફોન તથા રોકડ રકમ રૂ.૧,૫૦,૦૦૦/- ની ચોરી કરેલ હોવાની કબુલાત કરતાં જે આધારે તપાસ કરતાં આ બાબતે **એલીસબ્રીજ પો.સ્ટે. ખાતે ફર્સ્ટ ગુર.નં. ૧૩/૨૦૧૫ ઈ.પી.કો.કલમ ૪૫૭,૩૮૦ મુજબનો ઘરફોડ ચોરીનો ગુનો દાખલ** થયેલ હોવાની હકીકત જણાઈ આવતાં આરોપી તથા મુદ્દામાલ એલીસબ્રીજ પો.સ્ટે. ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

સદર પકડાયેલ આરોપીની વધુ પુછપરછ કરતા પોતે તથા પોતાના સાગરીતોએ મળી એકાદ મહિના પહેલા રાત્રીના સમયે ઘાટલોડીયા પ્રભાત ચોકની બાજુમાં એક આઈસ્ક્રીમની દુકાનનુ શટર તોડી દુકાનમાંથી રોકડ રૂપિયા પાંત્રીસ હજાર જેટલી રકમની ચોરી કરેલ હોવાની આરોપીએ કબુલાત કરતાં જે આધારે તપાસ કરતાં આ બનાવ અંગે **ઘાટલોડીયા પો.સ્ટે. ખાતે ફ.ગુ.ર.નં. ૧૩/૨૦૧૫ ઈપીકો કલમ : ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબના ઘરફોડ ચોરીના** ગુનાનો ભેદ શોધાયેલ છે.

એ રીતેના ઉપરોક્ત બે ઘરફોડ ચોરીના ગુન્હાઓ ડીટેક્ટ થવા પામેલ છે. તેમજ આ પ્રકારના અન્ય બીજા કેટલા ઘરફોડ ચોરીના ગુન્હાઓ આરોપીએ આચરેલ છે તે દિશામાં તપાસ કરી અન્ય અનડીટેકટ ગુન્હાઓમાં આરોપીની સંડોવણી બાબતે આગળની વધુ પુછપરછ પો.ઈન્સ.શ્રી જે.એસ.ગેડમ તથા પો.સ.ઈ. શ્રીજે.એન.ગોસ્વામી નાઓ કરી રહેલ છે.

## આરોપીનો ગુનાહીત પુર્વ ઈતિહાસ

આરોપી જીતેન્દ્ર ઉર્ફે જીવો  મોતીભાઈ મેણા નાનો અગાઉ આઠ મહિના પહેલા નરોડા પો.સ્ટે.ના ઘરફોડ ચોરીના ગુનામાં તેમજ છ માસ પહેલા વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનાઓમાં પકડાઈ ચુકેલ છે.

## આરોપીની એમ.ઓ. :

આરોપી પોતાના સાગરીતો સાથે રાખી રાતના સમયે દુકાનોના શટર અગર સિલીંગ તોડી દુકાનમાં પ્રવેશ કરી કિમતી માલ મત્તા તથા રોકડ રકમની ચોરી કરવાની એમ.ઓ.ધરાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.